૮૦૧/૭૭૭

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ-૨ : પ્રશ્નપત્ર - ૧**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૨૧]

૧. તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જાય છે ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે.
૨. આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે, પણ વચમાં ક્યાંય લોભાવું નથી.
૩. ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે.
૪. સોનીની પેઢીનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત.
૫. તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ.

**પ્રશ્ન.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** [૧૫]

૧. અને અમારો તો એ જ ....... ખંડન થવા દેવી નહિ. (વચ. ક્રમાંક .....................)
૨. અને અમારી પ્રકૃતિ એમ છે જે ....... કુરાજીપો થતો નથી. (વચ. ક્રમાંક .....................)
૩. માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે ....... તે જ આત્મસત્તારૂપે વર્તે છે. (વચ. ક્રમાંક .....................)
૪. તે સ્વરૂપને તો તમે ....... સહેજે જિતાઈ જશે. (વચ. ક્રમાંક .....................)
૫. અને જેનો સંગ કર્યા થકી ....... ત્યાગ કરવો. (વચ. ક્રમાંક .....................)

**પ્રશ્ન.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** [૪]

૧. શ્રીજીમહારાજે સ્વમુખે કરેલી સ્વમહિમાની વાતો
૨. પંચવિષયનું ખંડન

## વિભાગ - ૨ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સ્વામીએ કલ્યાણભાઈ આગળ કઈ વાત કરી ?
૨. જેમ જેમ જ્ઞાન થતું જાય, તેમ તેમ શું જણાતું જાય ?
૩. ટાઢું ક્યારે થાય ?
૪. બ્રહ્મરૂપ ક્યારે થવાય ?
૫. શેમાં રહીને જીવ લીલો પલ્લવ થતો નથી ?

**પ્રશ્ન.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** [૫]

૧. તમારા .......................... સામું જોઈએ છીએ, તો તમે પુરુષોત્તમ જણાઓ છો. (નેત્રકમળ, મુખારવિંદ, ચરણારવિંદ)
૨. ગોવિંદ સ્વામી કેવા ............................ તે પણ ગંગામાની દાળ, ભાત ને રોટલીયુંમાં બંધાણા. (વૈરાગ્યવાન, યોગવાળા, સાંખ્યવાળા)
૩. ........................... નો અભિપ્રાય તો જણાય જ નહીં. (ભગવાન, મોટા, સદ્‌ગુરુ)
૪. જ્યારે .............................. નોખા પડે, ત્યારે અધર્મનો પ્રવેશ થાય છે. (સાધુ-હરિભક્ત, આચાર્ય-સદ્‌ગુરુ, એકબીજાના મન)
૫. જે ........................... પાસે આવે છે તેને કોઈ વાતની કસર રહે નહીં. (ભગવાન, સંત, સાધુ)

**પ્રશ્ન.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો.** [૧૦]

૧. ઝાંઝવાના જળ
૨. સત્સંગ
૩. સંતદ્વારે મહારાજનું સુખ

## વિભાગ - ૩ : 'ભગવાન સ્વામિનારાયણ ભાગ-૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો.** [૨૦]

૧. નીલકંઠવર્ણીનું અસાધારણ વ્યક્તિત્વ - સ્વમુખે.
૨. વનવિચરણમાં નીલકંઠવર્ણીએ મૂર્તિપૂજાનું કરેલું સમર્થન.
૩. સ્ત્રી-પુરુષ મર્યાદાના સદાગ્રહી - નીલકંઠવર્ણી

**પ્રશ્ન.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૨૦]

૧. ભાદરામાં વસંતોત્સવ અને ઉંડવતીની લીલા.
૨. બદરિવનનો પ્રવાસ અને નર-નારાયણના આશ્રમમાં નીલકંઠવર્ણી.
૩. રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલો નીલકંઠવર્ણીનો મહિમા.
૪. ફણેણીની ધર્મસભા.

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ : | | | | | | | | |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**